


## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જ્યાં વેદનાનો મોટો પરિવાર થઈ ગયો,
ત્યાં તો મજાનો એક કવિ તૈયાર થઈ ગયો.

વિશ્વાસ પર હા આમ તો દુનિયા ટકી હતી,
પણ મેં કર્યો તો સાલું નિરાધાર થઈ ગયો.

હું તો ઠરીને કોલસો બનવા જતો હતો,
તે ફૂંક મારી એટલે અંગાર થઈ ગયો.

હા છેતરાવાની મજા છે ઓર પ્રેમમાં,
કિંતુ હું પ્રેમ પહેલા સમજદાર થઈ ગયો.

હું જાણું છું શરીર તો સૌને ગમે પ્રભુ,
તો કોની બીકથી તું નિરાકાર થઈ ગયો?

વિકી ત્રિવેદી.

### પાથેય

## વેદનાનો પરિવાર

આજના જગતની જો કોઈ મોટી સમસ્યા છે એકબીજાથી દૂર રહેવું..માણસ આજે એકાકી થઈ ગયો છે..એ સ્વકેન્દ્રી તો હતો જ..હવે તો પોતાનાથી પણ જાણે અલગ પડી ગયો હોય એવી હાલત છે..એકમેકને સહજ મળવાની વાત જ જયાં અશક્ય હોય એવા માહોલમાં કવિયત્રી મબલખ અને અઢળક મળવાની વાત કરે છે ! એ માટેનું માર્ગદર્શન પણ આપે છે..અજવાસ એટલે કે જયારે આપણે પૂરબહારમાં ખીલેલા હોઈએ કે સુખચેનમાં હોઈએ ત્યારે તો મળીએ પરંતુ આછેરા અજવાસ એટલે કે ભલે ઉમળકાનો અભાવ હોય તો પણ મળતા રહેવું જોઈએ. સુવાસ ધીમેધીમે પમરતી રહે છે..ઝાકળથી ભીના થયેલા શ્વાસની વચ્ચે મળવાનો મનસૂબો એક અલગ અનુભવ કરાવે છે..મળવું એટલે સામાન્ય અર્થમાં કે ઔપચારિક રીતે મળવું એમ નહીં..એમને મન મળવું એટલે અઢળક મળવું..મબલખ મળવું.

મિલન એક અદ્ભુત સંયોગ ત્યારે બને જયારે કોઈએ વિરહની વેદના અનુભવી લીધી હોય..કોઈકની તીવ્ર યાદ આપણને ઘેરી વળી હોય એ જ વ્યકિતને મળવું એ સુખની ચરમસીમા ગણાય..કોઈકના નામનો સાદ કે મનમાં ધરબાયેલી કોઈકની યાદ મોટા માટેના ઉત્કટ ભાવો બની જાય છે..એ મિલન ઘણીવાર પ્રત્યક્ષ શકય હોતું નથી.આમછતાં દિલમાં કોઈકની યાદ ભરીને મૌનસંવાદ થકી પણ મનગમતો આનંદ માણી શકાય છે..એ રીતે પણ કશુંક મબલખ કે અઢળક માણી શકાય છે..એવી હાકલ કરી કવિ આપણને એક દિશા બતાવે છે..જે મજા મૌનસંવાદમાં હોય છે એ ઘણીવાર સામસામે થતા સંવાદમાં હોતી નથી..ઈશ્વરની રચનામાં બધું જ મૌનમય છતાં એક ભીતરી સંવાદમય જગત છે..પ્રકૃતિ હોય કે આકાશ..ધરતી હોય કે હવાનો લય બધામાં કોલાહલ છે..એક અદ્ભુત લય છે..સૂરજ ઉગે છે અને આથમે છે ત્યાં સુધીની એની સફર સંવાદની એક અજાયબ સફર બની રહે છે.

ઉગવાનો ઉઘાડ કે આથમવાનો અવસાદ કે વિસ્તારવાનો વિખવાદ એ આપણી જીવનલીલા છે..કુદરતમાં આવા ભેદભરમ નથી..ત્યાં તો નર્યો સંવાદ છે..સહચાર છે..શાંત કોલાહલ છે..પ્રકૃતિનો જ અંશ હોવા છતાં આપણે કેટલા અલગ છીએ ? પાની બીચ મીન પ્યાસી ! આપણે કદાચ આપણી જ જાળમાં જંજાળ બની ગયેલા જન છીએ! આમાંથી છૂટવા માટે અઢળક રીતે એકમેકને મળવું એ જ ઉપાય છે.

કવિને આવું ગમે છે..તમને પણ કદાચ એવું જ મન થતું હોય. મને તો જે ગમે એ ગુંજે ભરું છું.. એમાં ગમતું તો ખરું જ,પણ અણગમતું ય મને તો અદકેરૂં જ લાગે છે..ગમવા ન ગમવાની એક સદહદે પહોંચ્યા પછી તમને બધું એકાકાર થઈ જતું હોય એવું લાગવા માંડે છે..પૃથ્વીની આ વિશાળતા અમથી નથી..એમાં ગમન અને આગમન કયાંક એકરૂપ થઈ જતાં હોય છે..સૂરજની લાલીમા સવારે હોય છે..ઢળતી સાંજે પણ એ લાલઘુમ હોય છે..બેઉ ઘટનાઓના સમયે લીલીછમ ચાદરથી લપેટાઈ ગયેલી ધરતીનો ઉમંગ એકસરખો હોય છે !મારા જેવા મુગ્ધ મુસાફર માટે મોંસૂઝણું હોય કે મોડી રાતનું મૌન એકસરખા વિસ્મય જેવાં હોય છે..!

# ચોવીસ કલાકમાં બનેલી બે વિરોધાભાસી ઘટનાઓ વચ્ચે રૂપેશનુ મન ચકરાવે ચડી ગયું



રવિવાર રજાનો દિવસ હોય એટલે સામાન્ય રીતે ગુજરાતી પરિવારોમાં રસોડા સાંજે બંધ જ હોય. એ દિવસે પણ રવિવાર હતો. અમદાવાદમાં પ્રગતિનગર પાસેની એક વૈભવી રેસ્ટોરન્ટમાં ડિનર કરવા માટે લોકોની ભારે ભીડ હતી. રેસ્ટોરન્ટના વેઈટિંગ રૂમમાં પણ લોકો તેમનો વારો આવવાની રાહ જોઈને બેઠા હતા. વેઈટિંગ રૂમ પાસેની પરસાળ અને રસ્તા વચ્ચેની જગામાં એક નાનકડી અને રૂપકડી સાતેક વર્ષની છોકરી કી-ચેઈનનો ઢગલો લઈને બેઠી હતી.

ડિનર કરવા આવતા અને જતા લોકોને એ કી-ચેઈન લેવા માટે એની કાલી ઘેલી ભાષામાં વિનવતી હતી. વેઈટિંગ રૂમમાં એનો નંબર આવવાની રાહ જોઈને બેઠેલો રૂપેશ આ છોકરીની ગતીવીધિઓ રસપૂર્વક જોઈ રહ્યો હતો. રૂપેશ વેઈટિંગ રૂમના દરવાજા બહાર આવીને પેલી છોકરી પાસે પહોંચી ગયો.

એણે છોકરીને નીચે નમીને કઈ-ચેઈનનો ભાવ પૂછ્યો.

છોકરીએ રૂપેશ કિ-ચેઈન લેશે એવી આશાભરી નજરે રૂપેશની સામે જોઈને કહ્યું, 'અંકલ કોઈપણ કિ-ચેઈન લઈ લો માત્ર ? ૨૦ છે.'

રૂપેશે છોકરીના હાથમાં વીસ રૂપિયા મૂકીને કહ્યું, 'બેટા હું જમીને તારી પાસેથી કિ-ચેઈન લઈ જઈશ. તું અહીં જ બેઠી છું ને ?

પેલી છોકરીએ વિસ્મયભરી નજરે એની સામે જોઈ રહી. એણે કહ્યું, ' હા, અંકલ હું તો અહીં જ બેઠી છું. પણ તમે એક કિ-ચેઈન લઈ જાવ.'




રૂપેશને કિ-ચેઈન લેવામાં કોઈ રસ જ ન હતો. એને તો આ નાનકડી દીકરીને થોડી મદદ કરવી હતી. એટલે એણે ફરી કહ્યું, 'બેટા, હું જમીને ચોક્કસ લઈ જઈશ. અત્યારે આને ક્યાં સાચવુ?'

એમ કહીને રૂપેશ ચાલવા લાગ્યો. હજુ તો વેટિંગ લોન્જના દાદરા પાસે એ માંડ પહોંચ્યો હશે ત્યાં પેલી છોકરી હાથમાં એક કિચન લઈને દોડતી એની પાછળ આવી અને એણે રૂપેશના હાથમાં કિ-ચેઈન મૂકી દીધી.

રૂપેશે નીચા નમીને છોકરીના માથે વાત્સલ્યથી હાથ મૂકીને કહ્યું, 'બેટા, તને કીધું ને કે, હું પછી લઈ જઈશ.'

પરંતુ એ છોકરી એકની બે ન થઈ. રૂપેશે એ નાનકડી છોકરીની આંખોમાં દ્રઢતા અને સ્વાભિમાનની ખુમારી જોઈ. રૂપેશ એને ના ન પાડી શક્યો. એણે એ છોકરી સામે કોઈ દલીલ કર્યા વગર એની ખુદ્દારીને માન આપીને કિ-ચેઈન લઈને ખીસામાં મૂકી દીધી.

રૂપેશ મનોમન વિચારવા લાગ્યો કે, સાંજના એક વખતના જમવાના હજારો રૂપિયા રેસ્ટોરન્ટમાં ખર્ચ કરનારા એના જેવા હજારો લાખો માણસોની ભીડમાં સ્વાભિમાનથી કિ-ચેઈન વેચતી આ દીકરીને સત્યનિષ્ઠા, સ્વાભિમાન અને ખુમારીના પદાર્થપાઠ કોણે શીખવાડયા હશે ? નાના એવા આ પ્રસંગે રૂપેશને સ્વાભિમાન અને સંસ્કારના સમન્વયનો સરસ સાક્ષાત્કાર કરાવ્યો. ગરીબ પણ ખુદ્દાર, અભાવ છતાં સ્વાભિમાનનો સુંદર ભાવ, પેટ ખાલી પણ આત્મા તૃપ્ત એવી આ નાનકડી છોકરીમાં રૂપેશને હિન્દુસ્તાનની આવનારી પેઢીનું ઉજવળ પાસું દેખાયુ. રૂપેશનું હ્રદય આનંદથી છલકાઈ ગયું.

કિ-ચેઈન વેચતી છોકરીના સ્વાભિમાનથી પ્રભાવિત રૂપેશને માત્ર ચોવીસ કલાકમાં જ બીજી એક એનાથી બિલકુલ વિપરીત તસવીર જોવાનો વારો આવ્યો. બીજા દિવસે મોર્નિંગવોકના નિત્યક્રમ અનુસાર રૂપેશ સવારે સાતના સુમારે ચાલવા નીકળ્યો હતો. ચાલતા ચાલતા રૂપેશે રસ્તાની બાજુમાં આવેલી એક નાનકડી દુકાન ઉપર ફૂટડા યુવાનોનું નાનકડું ટોળું જોયું. કુતૂહલવશ રૂપેશના પગ એ ટોળું જે દુકાન પાસે ઊભું હતું એ તરફ વળ્યા. નજીક જઈને રૂપેશે જોયું તો એ તમામ યુવાનો આઠમા નવમામાં ભણતા વિદ્યાર્થીઓ હતા અને બધા સ્કૂલ યુનિફોર્મમાં હતા.

છોકરાઓના એ ટોળામાંથી એક છોકરાએ સો રૂપિયાની નોટ દુકાનદારને આપી સિગરેટનું પેકેટ લીધું. સિગરેટના પેકેટમાંથી એણે ફટાફટ સિગરેટ નીકાળી બધા મિત્રોમાં વહેચી દીધી. પછી છોકરાઓએ વારાફરતી સિગરેટ સળગાવીને રોફથી મોંમાંથી ધુમાડો કાઢતા ઠઠ્ઠા મશ્કરી કરતા દુકાન પાસે ઊભા હતા.

રૂપેશે એક છોકરાના ખભે હાથ મૂકીને પ્રેમપૂર્વક કહ્યું, 'બેટા, અભ્યાસ કરવાની તારી આ ઉંમર છે. આ પ્રકારનું સિગરેટનું વ્યસન ઠીક નથી. તારી તબિયત તો બગડશે જ અને ભણવામાં ચિત્ત નહીં ચોંટે. આ પૈસાનો તું સારા પુસ્તકો લેવા પાછળ ઉપયોગ ન કરી શકે ?'

પેલા છોકરાએ તિરસ્કારપૂર્વક રૂપેશ સામે જોઈને કહ્યું, 'અંકલ, શું તમે મને ઓળખો છો ?'

રૂપેશે કહ્યું, 'ના.'

ત્યારે પેલો છોકરો બોલ્યો, 'શું તમે મારા સગા થાવ છો ?'

રૂપેશે કહ્યું, 'ના. પણ એક અર્થમાં હા. તું મારા દેશનું ભવિષ્ય છે. તું મારા દીકરા જેવો છે એટલે તને આ વ્યસનથી દૂર રહેવાની સલાહ આપવાની હું મારી ફરજ સમજુ છું. આ પૈસાનો બીજી કોઈ સારી વસ્તુ પાછળ તું ઉપયોગ ન કરી શકે ?'

પેલા છોકરાએ કહ્યું, 'અંકલ, બહુ થયું હો અંકલ. ભાષણ આપવાનું બંધ કરો અને તમે તમારું કામ કરો. સવાર સવારમાં મૂડ ખરાબ ન કરો.'

છોકરાનો જવાબ સાંભળીને રૂપેશ તો અવાક થઈ ગયો. એ સુનમૂન થઈને દુકાન પાસેના બાંકડા ઉપર બેસી ગયો. થોડીવારમાં પેલા બધા છોકરાઓ સ્કૂટર અને બાઈક ને કીક મારીને ફુરરર કરતાં ત્યાંથી રવાના થઈ ગયા. હવે દુકાનદાર અને રૂપેશ માત્ર બે જણા ત્યાં એકલા હતા. દુકાનદાર દુકાનની બહાર આવી રૂપેશની પાસે બાંકડે બેસીને બોલ્યો, 'ભાઈ, આજકાલની યુવા જનરેશનને કશું કહેવા જેવું નથી. શરૂ શરૂમાં હું આ બાળકોને સિગરેટ ન આપતો. અને સમજાવતો પણ ખરો. પરંતુ પછી મેં જોયું કે મારી દુકાનેથી નહીં તો આગળ જઈને બીજી દુકાનેથી આ લોકો સિગરેટ લે છે. એટલે પછી હું પણ મૂંગા મ્હોએ આ તમાશા જોતો રહું છું.'

મોર્નિંગ વોક ભૂલી જઈને રૂપેશનું મન ચકરાવે ચડી ગયું. હજુ ગઈકાલે સ્વાભિમાનથી ભરેલી દીકરીની ઘટના એના માનસપટ ઉપર તાજી હતી અને આજની આ વ્યસનમાં ડૂબેલા યુવાનોની ઘટનાએ એને અંદરથી હચમચાવી નાખ્યો. આ બંને વિરોધાભાસી પ્રસંગો વચ્ચે એનું મન હિલોળા ખાતું હતું. દરેક જનરેશનની આગવી સોચ અને અનોખી દોડ હોય છે. ક્યાંક સોનેરી સૂરજની રૂપેરી કોર દેખાય છે તો ક્યાંક વ્યસનની ધૂળની ડમરીઓમાં વિખરાઈ જતું યૌવન હોય છે. ઘરના વડીલો અને શિક્ષકો તો બાળકોમાં સંસ્કાર સિંચવાનું કામ કરે જ છે. પરંતુ શું એકલું એ પર્યાપ્ત છે ખરૂ ? દરેક બાળકે એ વિચારવાનું રહે કે, એણે એના નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચવા માટે કેવા મિત્રોનો હાથ પકડીને આગળ ચાલવું છે. કેવા પ્રકારના મિત્રોની સોબત રાખવી છે. પચીસેક વર્ષ સુધી આઠ કલાક અભ્યાસ કરવો છે કે પછી વ્યસન પાછળ સમય વ્યતીત કરીને પંચોતેર વર્ષ સુધી મજૂરી કરવી છે ? યાદ રહે દરેક યુવાને આ નિર્ણય યુવાનીના દિવસોમાં જ કરવાનો હોય છે. યુવાનીમાં તો શિખવાની જબરી હોંશ અને કંઈક કરી બતાવવાનુ અજબનુ જોશ હોય છે. આ જોશ અને હોશનો સમન્વય કરવાનો સમય યુવાનીનો છે.

**ધબકાર :**

**આજનું મૂલ્ય આજે નહીં સમજાય તો આવતીકાલે કદાચ બહુ મોડું થઈ ગયું હશે.**

# રામાયણના અમર પાત્રોમાંનું એક પાત્ર એટલે જટાયું - આપણામાં જટાયુપણું ક્યારે આવશે?

આજકાલ જ્યારે આદિપુરુષ ચલચિત્ર માટેની ચર્ચા જોડ થી ચારે તરફ ચાલી રહી છે ત્યારે આદિપુરુષના પાત્રચિત્રણ અને સંવાદો વિશે લોકો ક્રોધે ભરાયા છે. જે ખૂબ સ્વાભાવિક પણ છે. ત્યારે રામાયણમાં ખૂબ જ ઓછા સમય માટે આવતા જટાયુ નામક પાત્રની આજે વાત કરવી છે. જો આપણે આપણા સંતાનોને આ બધા પાત્રોથી અવગત જ નહીં કરાવીએ તો પછી તો પછી આ ઢોંગી અને કપટી તેમજ ક્રિએટિવ ફ્રીડમના નામે ગંદકી ફેલાવતા ડાબેરી માનસિકતાવાળા લોકો જે જૂઠું દેખાડે તે જ આપણી આગામી પેઢી જોતી થઈ જશે. તેમને વાલ્મિકી કૃત ''રામાયણ'', તુલસીદાસ રચિત ''રામચરિત માનસ'' આ બધા વિશે ગંભીરતાપૂર્વક પાસે બેસાડીને સમજાવવું પડશે.

ખેર ! જટાયુના પાત્ર ની ઊંડાઈના જો આજે આપણે આપણામાં આત્મસાત કરવાનો પ્રયત્ન કરીએ તે સમાજ માટે ઈચ્છનીય છે. હમણાં હમણાં ઘટેલી કેટલીક અનિચ્છનીય ઘટનાઓમાંની એક - ભર બજારે એક યુવતીને ચપ્પાના ઘા ઝીંકવામાં આવ્યા. પરંતુ ત્યાથી પસાર થતાં એક પણ માડીજાયાએ તે અટકાવવાનો પ્રયાસ સુધ્ધા ન કર્યો. આ દુર્ઘટના પછી મનોવિશ્લેષકોની આખી ફોજ સામાન્ય માણસના આ મૂકપણાનો અભ્યાસ કરવા લાગી ગઈ છે. આટલું વાંચ્યા પછી હવે રામાયણનો સીતા-હરણનો પ્રસંગ જોઈએ. સુવર્ણમૃગની છદ્મજાળમાં આકર્ષાઈને સીતામાતા પ્રભુશ્રી રામને પરાણે તે મૃગને મારવા મોકલે છે, પછી સાધુના વેશમાં રાવણ સીતાજી પાસે આવે છે. મનાઈ કરી હોવા છતાં સીતાજી લક્ષ્મણ-રેખા ઓળંગીને બહાર આવે છે, અને રાવણ પોતાના અસલ સ્વરુપમાં આવીને સીતાજીનું અપહરણ કરીને પુષ્પક વિમાનમાં લંકા તરફ પ્રયાણ કરે છે. સીતાજીનો વલોપાત તેમનુ આક્રંદ સાંભળવાવાળું કોઈ નથી, પણ એક વૃક્ષની ટોચે બેઠેલ વૃદ્ધ ગીધ તેમનો આર્તનાદ સાંભળે છે, પુષ્પક વિમાન જેવા માયાવી યંત્ર અને રાક્ષસેન્દ્ર રાવણને જોઈને જ વૃદ્ધ ગીધ સમજી જાય છે કે, આ કોઈ અબળા નારીનું અપહરણ અતિશય બળશાળી અને માયાવી રાક્ષસ કરીને જઈ રહ્યો છે, રામાયણમાં શ્લોક છે કે,

વૃદ્ધઃ અહં ત્વં યુવા ધન્વી સરથઃ કવચી શરી।
ન ચાપ્યાદાય કુશલી વૈદેહીં મે ગમિષ્યસિ ॥

હે રાવણ, હું વૃદ્ધ છું અને તુ યુવાન છે, રથવાળો છે, કવચ ધારણ કરેલ છે, બાણ પણ તારી પાસે છે, છતાં પણ મારા હોવા સુધી તું કુશળતાપૂર્વક વૈદેહીને લઈને નહી જઈ શકે, અર્થાત હું જીવીત છું ત્યાં સુધી તો તું સીતાજીને અહીંથી નહીં જ લઈ જઈ શકે.

એક સામાન્ય પક્ષીનો હુંકાર જુઓ, તેનું સાહસ અને પરસ્ત્રીના રક્ષણ માટેની તત્પરતા જુઓ. સલામ કરવાનું મન થઈ જાય.પહેલા ફકરામાં જે રામાયણની કથા મૂકી છે, તે આપણી સૌ માટે નવી નથી જ છતાં મૂકી છે, કારણકે ખૂબ માર્મિક અને પ્રતીકાત્મક છે. ફરીથી વાંચો, સુવર્ણમૃગ તે અત્યારનું મીડીયા છે, સંમોહનની જાળ પાથરીને બેઠેલું નગ્ન અને દ્વિઅર્થી સંવાદોનું મનોરંજન પીરસતું માધ્યમ છે. વડીલોની વાતો તેમની ચેતવણીરુપી લક્ષ્મણ-રેખાને તકિયાનુસી અને વેવલી ગણનારી સીતાજી એટલે આજની કેહવાતી આધુનિક પેઢી છે. (યાદ રહે આમા છોકરાં અને છોકરી બંનેનો સમાવેશ થાય છે.) પ્રભુ શ્રીરામ એટલે આજના દરેક અભિભાવક - આજનાં માતા-પિતા છે, કે જેઓ બાળકની ખોટી અને અઘટીત જીદને પણ પૂરી કરવા કટિબદ્ધ બને છે. લક્ષ્મણ એટલે એવી વ્યક્તિ કે જે ધારે તો ચોક્કસ પરિવર્તન લાવી જ શકે પણ સંજોગોને ઘૂંટણીયે પડીને અકાર્ય કરવા પણ પ્રવૃત્ત થઈ જાય છે.

જ્યારે દરેકે દરેક વ્યક્તિ પોતાના સ્વધર્મને વિસ્મરીને પોતાના કર્તવ્ય પથ પરથી ચ્યુત થાય છે, ત્યારે એક સામાન્ય, શરીરે વૃદ્ધ એવું પક્ષી પોતાના અન્યાય વિરુદ્ધ ચૂપ ન રહેવાના ધર્મને અનુસરીને અત્યંત બળવાન એવા રાવણને પડકારે છે. પોતાનું મૃત્યુ નિશ?ચિત જ છે તે જ્ઞાત હોવા છતાં આતતાયી રાક્ષસ સામે કૂદી પડે છે. આ વૃદ્ધ ગીધ એટલે જટાયુ. રામાયણમાં ૨૪૦૦૦ શ્લોક છે, અને તેમાંથી કદાચ ૨૦-૨૫ શ્લોક જ જટાયુના પ્રસંગને વર્ણવતા લખાયા છે. અને છતાં તે સામાન્ય લાગતુ વૃદ્ધ પક્ષી રામાયણના અમર પાત્રોમાનું એક પાત્ર છે. કારણકે તેનુ કાર્ય જ એવું છે કે જેમ આખી ત્રણ કલાકની ફિલ્મમાં મહેમાન કલાકાર આવીને પોતાની અમિટ છાપ છોડી જાય, તેમ તે ઓછા સમયમાં હૃદય સોંસરવા ઉતરી જાય તેવા કાર્ય દ્વારા અમર થઈ જાય છે. વળી પાછી એ જ વાત - બાબુમોશાય જીંદગી લંબી નહીં બડી હોની ચાહિએ.

બાજુવાળાના ઘરમાં થાય છે ને મારે શું ? મારે કેટલા ટકા ? આવી માનસિકતામાં રાચતા આપણા જેવા અન્યાય અને ન્યાય જેવી કોઈ પણ સંવેદનશીલ ભાવના આપણામાં પ્રવેશતી જ નથી, અથવા આપણે પ્રયત્નપૂર્વક પ્રવેશવા દેતા જ નથી. પોપટ તો ઘરની વાણી બોલે, બાળક જેવું ઘરમાં જોશે અને શીખશે તે જ બહાર દેખાશે. આપણે જ તેમને શીખવવાનું છે કે ઘરની બહેન-દિકરી અને બહારની દિકરીઓ સાથે કેવું વર્તન કરવું જોઈએ. તેમને કેવી રીતે સન્માન આપવું જોઈએ. આપણા વર્તન દ્વારા જ આપણે તેમને શીખવવું રહ્યું કે અન્યાય સહન કરવો એ પણ અન્યાય કરવા બરાબર જ છે.




જટાયુ જેવી વૃત્તિ આપણે કેળવવી પડશે. જેને જોઈને બાળક શીખશે કે સમાજમાં ઘટતા કોઈ અનિચ્છનીય બનાવ વખતે કેવી રીતે સત્યનો સાથ દેવો. અન્યાય વિરુદ્ધ એકલા હોવા છતાં કેવી રીતે અવાજ ઉઠાવવો. આપણું બાળક ઘરે આવતા અતિથિ સામે અવનવા ડાન્સ કરે તો આપણે પોરસાઈએ છીએ. તેમ જો સંસ્કારની કે પછી કોઈ લાગણીસભર ભાવમાં હનુમાન-ચાલીસા કે ગાયત્રી-મંત્ર બોલે તો તેને વધુ પ્રોત્સાહિત કરીશું તો સમાજ ક્યારેય અસુરક્ષિત નહીં રહે.

સી.એન.જી. સ્ટેશન પર ગેસ ભરાવીને પાછા લેવાના થતાં છુટ્ટા ૨-૩ રુપિયા પણ આપણે ખખડીને માંગી શકતા નથી, અને દબાતા અવાજે પૂછીએ ત્યારે છણકો કરીને છુટ્ટા નથી એમ કહે ત્યારે નીચા મોઢે કાર હંકારી દઈએ છીએ. પાર્કિંગમાં આડેધડ પાર્ક કરેલી ગાડી અને સ્કૂટર પડ્યા હોય અને આપણે માંડ-માંડ ધીરે ધીરે રસ્તો કરતા કરતા આપણું વાહન બહાર કાઢતા હોઈએ, ત્યારે જ કોઈ પોતાનું વાહન બરાબર આપણી વચ્ચેના ભાગમાં જ પાર્ક કરી દે તો પણ આપણે જો ચૂપચાપ રસ્તો કરી લેતા હોઈએ, અને હમણાં હમણાં ટ્રાફિક સેન્સની બિલકુલ સેન્સ વગરના આપણાં શહેરમાં ચાર રસ્તા ઉપર રેડ સિગ્નલ વખતે ડાબી બાજુની ખુલ્લી સાઈડને પણ દબાવીને બેઠેલા અણઘડ બુડથલોને આપણે જો ઠમઠોરીને ઉત્તર ન આપી શકતા હોઈએ તો પછી આપણા ઘરમાં જટાયુ ક્યાથી પાકે?

જટાયુપણું આપણામાં આણવું એટલે સૌપ્રથમ તો પોતાના અંતરાત્મનની ધ્વનિને અનુસરવાની હિંમત કેળવવી.

જટાયુ બનવું એટલે બાવડેબાજ મસલમેન બનાવાનું એમ નહીં પરંતુ ઋજુ હ્રદય સાથે સામા વ્યક્તિની મુશ્કેલ ઘડીમાં સાથ આપવો.

જ્યારે સમાજનાં સાચા પરંતુ નબળા અને શોષિત વ્યક્તિની સામે આખો લંપટ સમાજ વેરી બનીને ઊભો હોય ત્યારે તેની પડખે ઊભા રહેવું એટલે જટાયુ બનવું.

એવી ખબર જ હોય કે લગતા વળગતા ખૂંખાર માણસો આપણો ગજ વાગવા જ નહીં છતાં પણ અવાજ ઊઠાવવાની જ હિંમત કેળવવી એટલે જટાયુ બનવું.

આટલું જ તો ખોટું થયુ છે, તેમ માનીને બેસી ન રહેતા નાનામાં નાની અનપેક્ષિત ઘટનાને પણ સંપૂર્ણ તાકાત સાથે વખોડી કાઢવી એટલે જટાયુ બનવું.

માત્ર પોતાપણાનાં વિચાર કે પોતાના સ્વાર્થ માટે જ નહીં બીજા માટે પણ સમસંવેદનશીલ બનીને સહાય કરવી એટલે જટાયુ બનવું.

કોઈની દયા ખાઈને બેસી ન રહેતા તેની પીડાને પોતીકી ગણીને પોતાનુ સર્વસ્વ ન્યોચ્છાવર કરીને પણ બચાવવાનો યત્ન કરવો એટલે જટાયુ બનવું.

જટાયુ બનવા માટેના માપદંડ કોઈ તક્ષશીલા કે નાલંદા યુનિવર્સિટીની ડિ.લીટ.ની પદવી લેવા બરાબર છે ને !!!! એ તો હોય જ ને...જટાયુ કઈ એમનેમ થોડું બનાય છે ? ( સાચું કહું તો આ લેખ લખ્યા પછી ગાંધીજીના ત્રણેય વાંદરાઓને આત્મસાત કરતો મારામાંનો હું કંઈક અંશે સળવળ્યો છે.)

- jayuoza@gmail.com,
Mo.9898046488

# ખેલદિલીથી ભૂલનો સ્વીકાર કરીએ...

સમાજમાં હરતાં ફરતાં આપણને ઘણી બધી મનોરંજક બાબતો જોવા મળે છે. આજે આવી થોડીક વાતો તમારા ધ્યાને મૂકવી છે.

- બહેનો રસોઈ દરરોજ સરસ બનાવે છે ( થોડાક અપવાદ સિવાય ) તેમ છતાં જો કોઈ વાર દાળ શાકમાં મીઠુ ઓછુ નંખાયુ હોય અને એમના પતિદેવ જો એ બાબતે ધ્યાન દોરે તો પત્ની
" હા હોં તમારી વાત સાચી છે" એમ કહેવાને બદલે એવું જ કહેશે કે
" તમને ખબર છે ને, ડોક્ટરો આજ કાલ ઓછું મીઠુ ખાવાની જ ભલામણ કરે છે એટલે હવે આપણે ય મીઠુ ઓછું જ ખાવાનું છે..."
આમ એ પોતાનાથી મીઠુ ઓછુ નંખાયુ છે એનો સ્વીકાર ભાગ્યે જ કરે છે !
- આવી જ રીતે જો પત્નીથી ચામાં ખાંડ ઓછી પડે ને પતિ કહે કે
"આ ચા મારાથી પીવાય એવી નથી, ખાંડ કેમ ઓછી નાખી છે ? " તો પત્ની કહેશે ,
" હેં ? ના હોય, ખાંડ તો બરાબર નાખી છે, પણ તમને ખબર છે આ વખતે જે ખાંડ આપણે લાવ્યા છીએ ને એમાં ગળપણ ઓછું છે બોલો ? લોકોએ ખાંડની કોલિટી પણ બગાડી નાખી છે, પછી ગમે તેટલી નાખો તો ય ગળપણ ક્યાંથી થાય ? "
અહીં કેટલીક વખત ડાયાબીટીસ ન થાય એટલા માટે ચા તો કમસક્કર જ પીવી સારી એવું ય બહાનું બતાવી દેવાય છે. મને થાય છે કે બહેનો આવા કેસમાં પોતાની ભૂલ કેમ સ્વીકારતી નહિ હોય ??
- જો કોઈ ભાઈને સવારે ન્હાવા જતી વખતે એમના ખિસ્સામાં પચાસ કે સો ની નોટ રહી ગઈ હોય ને એ કપડાને ધોતી વખત કે ધોયા પછી એ બાબત શ્રીમતીજીના ધ્યાને આવે તો પતિને ટકોર્યા વગર રહે જ નહિ, " અરે ભૈ તમે તો ખરા છો, નહાતા પહેલાં ખિસ્સાં બરબર જોઈ લેતા હોવ તો ? આ જૂઓ, તમારી જર્સીના ખિસ્સામાં સો ની નોટ રહી ગઈ હતી તે સાવ પલળી ગઈ બોલો ? "
તો પતિ દેવ "હા યાર સોરી " એમ કહેવાને બદલે એ નોટ ખિસ્સામાં ક્યા કારણસર રહી ગયેલી તેની લાંબી સ્પષ્ટતા આપશે...એ વાત સાંભળી ના સાંભળી કરીને પત્ની એના કામે વળગી જતી હોય છે.
- કોઈ નેતા કે કોઈ રાજકીય હસ્તીથી જો જાહેરમાં બોલવામાં ગોટાળો થઈ જાય તો એ ય પાછા ભૂલ સ્વીકારવાને બદલે,
" તમે સમજો છો એવો મારો આશય ન હતો..."
" પત્રકારો મારી વાત સમજવામાં ગેરસમજ કરે એમાં મારો શું વાંક ? "
" આ બધી મારા વિરોધીઓની ચાલ છે,એ કાયમ અર્થનો અનર્થ જ કરે છે..."




ટૂંકમાં અમારો કહેવાનો આશય એવો છે કે આ જગતમાં ભગવાને દરેક પુરુષ અને સ્ત્રીમાં એવો એક જન્મ જાત ગુણ (અવગુણ !!) મૂકેલ છે કે એ ક્યારે ય પોતાની ભૂલ સ્વીકારશે જ નહિ. એ પોતાની ભૂલ માટે બીજા લોકો કઈ રીતે અને કેટલે અંશે જવાબદાર છે એના જ ખુલાસા કરશે. એ સીધી રીતે પોતાની ક્ષતિ સ્વીકરતા જ નથી. આવા સમયે એ જો કોઈની લાગણી દૂભાઈ હોય તો માફી માગી લે તો વાત ત્યાં જ પતી જાય છે. છોકરો કે છોકરી પરીક્ષામાં નાપાસ થાય તો એનાં મા બાપ સહિત બધા એના નાપાસ થવાનાં બાહ્ય કારણો આપ્યા કરે છે પણ છોકરા કે છોકરીએ પૂરતી મહેનત નહોતી કરી એવું કોઈ સ્વીકારતું જ નથી. શાળાનું રીઝલ્ટ ઓછું આવે તો શિક્ષકો બાળકોનો વાંક કાઢે અને વાલીઓ શિક્ષકોનો વાંક કાઢતા હોય છે....

આમ લોકોને, અમને અને તમને કોઈને પોતાની ભૂલ સ્વીકારવાની વાત ગમતી જ નથી. અને જ્યાં ખરેખત ક્ષતિ થઈ હોય તો એને કબૂલીને સોરી કહીએ તો એ વાત ત્યાં જ પતી જાય છે અને સામેવાળા વ્યક્તિના મનમાં પણ આપણા વિશે સારી ભાવના જન્મે જ છે. તો ચાલો આજ પછી જ્યાં પણ આપણાથી સાચે સાચ ભૂલ થઈ જાય તો એને નિખાલસતાથી સ્વીકારીને જે તેને માટે સોરી કહેતાં જરા પણ અચકાઈશું નહિ.... બરાબરને ?

મો- 9898409053
anantpatel135@yahoo.com,